# માઈક્રોઅધ્યાપન ( માઈક્રો ટીચિંગ )

- માઈક્રો અધ્યાપનનો ખ્યાલ આપનાર સૌ પ્રથમ વ્યક્તિ **એલનડવાઈટ** હતા.
- તેમણે ઈ.સ.૧૯૬૩માં માઈક્રોટીચિંગનો સૌ પ્રથમ પ્રયોગ શરુ કર્યો તેઓ કેલીફોર્નીયાના પ્રોફેસર હતા.
- તેમણે વિવિધ અધ્યાપન કોશલ્યની ઘનિષ્ટ તાલીમ આપવા માટે **માઈક્રોટીચિંગની** હિમાયત કરી.
- તાલીમી કોલેજોમાં શરુઆતના તબક્કામાં તાલીમાર્થીઓને ૫–૭ મીનીટને ધ્યાનમાં રાખી પાઠ આપવાના હોય છે. ત્યારબાદ ક્રમશ; ૧૨ થી ૧૫ મિનીટ પછીના શિક્ષણ કાર્યના સારા પરિણામો મેળવ્યા બાદ ક્રમશ; ૩૫ થી ૪૦ મીનીટના પાઠ અંગે તૈયાર કરવામાં આવે છે.

## માઈક્રોટીચિંગનો અર્થ:

- **માઈક્રો– સૂક્ષ્મ  ટીચિંગ– શિક્ષણ આમ માઈક્રોટીચિંગ એટલે સૂક્ષ્મ શિક્ષણ એવો થાય છે.**
- માઈક્રોટીચિંગ એ વિદ્યાર્થીઓને શીખવવાની અધ્યાપન પદ્ધતિ નથી, પરંતુ અધ્યાપકે અધ્યાપન કાર્ય કરવા માટે જરૂરી એવા કેટલાક કોશલ્યો વિકસાવવા માટેની એક પ્રયુક્તિ છે.
- માઈક્રોટીચિંગ પ્રયુક્તિ દ્વારા અધ્યાપક એકાદ નાની સંકલ્પના માત્ર પાંચથી સાત વિદ્યાર્થીઓ સાથે સાથે માત્ર પાંચથી સાત મિનીટ માટે અધ્યાપન કાર્ય કરે છે.
- પાઠનું વિષય વસ્તુ નાનું કે ઓછું, વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી, પાઠનો સમય ઓછો, માઈક્રોટીચિંગની વિવિધ વ્યાખ્યાઓ નીચે મુજબ આપેલી છે:



**વ્યાખ્યા:**

**૧) એલન અને ઈવ:**

- માઈક્રોટીચિંગ એ નિયંત્રિત પરિસ્થિતિમાં, અધ્યાપક દ્વારા કરવામાં આવતો મહાવરો છે, જેના દ્વારા એકી વખતે એક જ કોશલ્યની તાલીમ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે અને એ કોશલ્યપૂર્ણ રીતે હસ્તગત કર્યા પછી જ બીજા કોશલ્યની તાલીમ લેવા ધ્યાન કેન્દ્રિત કરે છે.

**૨) મેંરેના:**

- માઈક્રોટીચિંગ એ માપી શકાય એવો અધ્યાપનનો નમૂનો છે.

**૩) પેક અને ટ્રકર:**

- માઈક્રોટીચિંગ એ અધ્યાપન કોશલ્યના વિકાસને સરળ બનાવવા વિડીઑરેકોર્ડર વાપરી પ્રતિપોષણ સાથે વિશિષ્ઠ અધ્યાપન કોશલ્યોનો સંક્ષિપ્ત રીતે સમજાવવાની પ્રયુક્તિ છે.

**૪) કેલનબેક:**

- માઈક્રોટીચિંગ એ વર્ગ શિક્ષણ માટેના શિક્ષકના વર્તનમાં ફેરફાર લાવવા માટેની અસરકારક પ્રયુક્તિ છે.

**૫) ભટ્ટાચાર્ય:**

- શિક્ષકના વર્તનોને પરોક્ષ રીતે વિકસાવવા માટે માઈક્રોટીચિંગ એક અસરકારક પ્રયુક્તિ છે.

## માઈક્રોટીચિંગનાં લક્ષણો:

- એકાદ નાની સંકલ્પના કે મુદ્દાનું શિક્ષણ
- એક જ કોશલ્ય
- નાનું જૂથ ૫ કે ૭ ની સંખ્યા
- ઓછો સમય ૫ કે ૭ મિનીટ
- ચોક્કસ કોશલ્યનો વિકાસ કોઈ પણ એક જ કોશલ્ય ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું
- કૃત્રિમ વર્ગખંડ પરિસ્થિતિ
- તાલીમાર્થીઓને વર્ગ શિક્ષણમાં જે કોશલ્યની વધુ જરૂર હોય તે કોશલ્યની તાલીમ આપવામાં આવે છે.

## માઈક્રોટીચિંગ પાઠની ઉપયોગીતા:

- સહી સલામત વ્યવહાર
- ધ્યાન કેન્દ્રિત
- પૂર્વ તાલીમ પ્રાપ્ત થાય
- સમયની બચત
- સતત તાલીમ માટેનું વહન
- આત્મ વિશ્વાસમાં વધારો
- શાળાના બીજમાં ઘટાડો
- સ્વ મૂલ્યાંકનની તક
- નિરીક્ષણ માટેની નૂતન અભિગમ
- પ્રતિ પોષણ સ્પષ્ટ અને દિશા સૂચક

શિક્ષણકાર્યના કોશલ્યો વિકસાવવામાં મદદરૂપ મર્યાદા ઝડપથી સમજાય

## માઈક્રોટીચિંગની મર્યાદા:–

- ઓછો સમય
- વહીવટી કાર્યમાં વધારો
- શિસ્તના પ્રશ્નો હલ કરવામાં મુશ્કેલી
- શેક્ષણિકસાધનોના ઉપયોગ વગર કાર્ય
- વર્ગ શિક્ષણના પ્રત્યક્ષ અનુભવથી વંચિત

- સાધન સામગ્રીની મર્યાદા
- નિશ્ચિત કૌશલ્ય તરફ ધ્યાન
- નિરીક્ષકોની સઘન તાલીમનો અભાવ

**Features of Micro Teaching / માઈક્રોટીચિંગનાં વિવિધ કૌશલ્યો:**

૧) વિષયા ભિમુખ કૌશલ્ય

૨) સુદૃઢીકરણ કૌશલ્ય

૩) ઉત્તેજના પરિવર્તન કૌશલ્ય

૪) ઉદાહરણ કૌશલ્ય

૫) કા.પા. કાર્ય નોંધ કૌશલ્ય

૬) સ્પષ્ટીકરણ કૌશલ્ય

૭) પ્રશ્ન પ્રવાહિતા કૌશલ્ય